અપીલ અરજી નં.૪ તા.૩–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ધર્મેશ ભારતી, અશોક ભારતી ગોસ્વામી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધર્મેશ ભારતી, અશોક ભારતી ગોસ્વામીની તા.૧૫–૨–૧૦ ની અરજીથી (૧) અડાજણ ગામના બ્રાહમણ મોહલ્લો માં આવેલ ઘરનં.૨૭/૧/૫૦ જેનો સુરત મ્યુ. ટેના.નં.૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ છે જેનો શરૂથી આજ દિન સુધીના તમામ પેપર્સો આપવા. (૨) અડાજણ ખડકી મોહલ્લામાં આવેલ મીલકત જેનો સુરત મ્યુ. ટેના.નં.૧૭એ–૦૧–૦૦૦૧–૦–૦૦૧ છે જેનો શરૂથી આજ દિન સુધીના તમામ પેપર્સો આપવા. વિ.મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૪–૧૦ ની **SMC/FAP/** નં.૪/૨૦૧૦–૧૧

શ્રી ધર્મેશ ભારતી, અશોક ભારતી ગોસ્વામીની તા.૧૫–૨–૧૦ ની અરજીથી (૧) અડાજણ ગામના બ્રાહમણ મોહલ્લો માં આવેલ ઘર નં.૨૭/૧/૫૦ જેનો સુરત મ્યુ. ટેના.નં.૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ છે જેનો શરૂથી આજ દિન સુધીના તમામ પેપર્સો આપવા. (૨)અડાજણ ખડકી મોહલ્લામાં આવેલ મીલકત જેનો સુરત મ્યુ. ટેના.નં.૧૭એ–૦૧–૦૦૦૧–૦–૦૦૧ છે જેનો શરૂથી આજ દિન સુધીના તમામ પેપર્સો આપવા. વિ.મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આઉટ નં./૭૬૦ તા.૫–૩–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૪૭ તા.૯–૪–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં અગાઉ આ ટેનામેન્ટ સંબંધી કોઈ માહિતી મળેલ હોય તો નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૫–૪–૧૦ ના રોજ પત્ર સાથે તા.૨૬–૪–૯૬ ના આકારણી રીપોર્ટની નકલ, તા.૬–૧૨–૯૧ ની જાહેર ટ્રસ્ટ નોંધણી કચેરીની નકલ, તથા સુચિ–૧ ની યાદી, ટેના નં.૧૭એ–૦૧–૦૦૦૧–૦–૦૦૧ તા.૨–૯–૯૫ ના રીકવીઝીશન સ્લીપની નકલ તથા ફોર્મની નકલ અસલ પત્રક–અ ની નકલ, સુધારેલ પત્રક–બ ની નકલ, ખાસ નોટીસ, તથા તા.૧૫–૨–૧૦ ના રોજ મુળ અરજીની ફી ભર્યાની રસીદ , મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૭૬૦ તા.૫–૩–૧૦ ના પત્રની નકલ, અરજદારે મ્યું. ટેનામેન્ટ નં૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ એપેલેટ ઓફિસર વેસ્ટઝોનને તા.૨૯–૧–૧૦ ના રોજ કરેલ અરજી તથા પહોંચની નકલ, સદર ટેનામેન્ટની તા.૨૯–૨–૧૦ ના સુનાવણી પત્રની નકલ, એપેલેટ ઓફિસર વેસ્ટઝોનના તા.૨–૪–૧૦ ના નિર્ણયની નકલ, સદર ટેનામેન્ટના સને ૨૦૦૫–૦૬ ના બીલની નકલ, સદર ટેનામેન્ટના સને ૧૯૯૧–૯૨ ના એસેસમેન્ટની નકલ અરજદારે રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૫–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૬૦ તા.૫–૩–૧૦ થી અરજદારને આપવામાં આવેલ છે. જેમાં (૧) અડાજણ ગામના બ્રાહમણ મોહલ્લો માં આવેલ ઘર નં.૨૭/૧/૫૦ જેનો સુરત મ્યુ. ટેના.નં.૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ છે જેનો શરૂથી આજ દિન સુધીના તમામ પેપર્સો આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેના નં.૧૭એ–૦૧–૦૦૦૧–૦–૦૦૧ અને૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ ની મિલ્કતમાં સને ૧૯૯૬–૯૭ ના વર્ષમાં એફડીટી નં.૫૩ થી આકારણી રીકવરી ઓફિસરના તા.૨૬–૪–૯૬ ના હુકમથી દફતરે ફેરફાર થયેલ છે જેના પેપર્સની નકલ પાના દીઠ રૂા.૨/– ની ફી ભર્યેથી કચેરીએથી ઉપલબ્ધ થઈ શકશે તેવી માહિતી આપેલ છે. ફી ભર્યેથી આપવા તૈયારી દર્શાવેલ છે પરંતુ પાના તથા ફી ની રકમ કલમ–૭(૩) હેઠળ નિર્દિષ્ટ કરેલ નથી. (૨)અડાજણ ખડકી મોહલ્લામાં આવેલ મીલકત જેનો સુરત મ્યુ. ટેના.નં.૧૭એ–૦૧–૦૦૦૧–૦–૦૦૧ છે જેનો શરૂથી આજ દિન સુધીના તમામ પેપર્સો આપવા.(૩) અડાજણ ગામ ખડકી મહોલ્લામાં આવેલ મિલકત જેનો ટેના નં.૧૭એ–૦૧ –૦૦૦૧ –૦–૦૦૧ આકારણી કર્યા બાદ ટેનામેન્ટ નંબરની ફાળવણી કરેલ તપાસના કાગળો તથા મ્યુ. ટેનામેન્ટ નંબર ૧૭એ– ૦૧–૦૦૧૧–૦–૦૦૧ સને ૧૯૯૪ ના રોજ રદ કરેલ છે તે રદ કરતી વખતે કર્મચારીઓએ સદર ટેનોમન્ટ નંબરમાં રહેતા વ્યકિતનો જવાબ લેવામાં આવેલ હતો કે કેમ? અને જો જવાબ લેવામાં આવેલ હોય તો તેની નકલ. (૪) એક વખત આકારણી મીલકતની થઈ હોય તો કયા કારણોસર આકારણી રદ તમો કરી શકો તેનો ખુલાસો આપો અને રદ કરતી વખતે તમે કઈ તપાસ કરીને રદ કરો છો તથા કોના કોના જવાબો લેવામાં આવે છે તેની લેખિતમાં વિગતવાર ખુલાસો આપવો. તેવા મુદ્દા નં.ર થી ૪ ના પ્રશ્ન બાબતેની માહિતી અગાઉ પૂરી પાડવામાં આવેલ છે. (૫) મ્યુ. ટેના ૧૭એ–૦૧ –૦૦૧૧ –૦–૦૦૧ વાળુ બીલ ક્રેડીટ બેલેન્સનો શેરો સને ૨૦૦૫–૦૬ માં મારેલ છે તેની વિગતવાર અને પેરાવાઈઝ આજ દિન સુધીની માહિતી આપવા બાબત.તેવા પ્રશ્ન બાબતે ૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ ની મિલકતની આકારણી ૯૬–૯૭ ના તુમારથી તા.૧–૪–૯૪ થી કમી કરવામાં આવેલ હોય ફકત ભરેલા વેરાનું ક્રેડીટ બીલ નીકળે છે તેવી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૩–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરી તા.૫–૩–૧૦ ના નિર્ણયથી નારાજ હોવાનું જણાવી મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી આ અગાઉ પૂરી પાડવામાં આવેલ છે જેમાં અરજદારે આવી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી આ બેબુનીયાદ જવાબ આપી માહિતી અધિકારીની ગરીમા જાળવવામાં નિષ્ફળ જાય છે તેમજ આકારણી વખતે મકાનમાં રહેતા હોય તેના કોઈ જવાબ લેવામાં નથી આવતા અને જયારે આકારણી કરવાની હોય

ત્યારે તમે કોણ? તમારું નામ શું? તમે ભાડુત છો કે માલીક? તેવા ૧૦૦૧ સવાલ પુછવામાં આવે છે ત્યારે આ પ્રકારની માહિતી અંગે કોઈ જવાબ લેવામાં નથી આવતો? જયારે મુદ્દા નં.૫ માં ટેના ૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ ની મિલ્કતની આકારણી ૯૬–૯૭ ના તુમારથી ભરેલા વેરાનું ક્રેડીટ બીલ નીકળે છે જેમાં નાગરીકોને અને નબળા વર્ગને હેરાન પરેશાન કરવા માટે એક મોટું તંત્ર ઉભું કરી સરકારશ્રીની અને મ્યુ. લોઝની ગરીમાને કાયદાને ઉલેચીને આવા જવાબ આપેલ છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે તથા અપીલના કારણમાં અરજદારે ઉપરોકત શાખામાંથી કોઈ પણ જાતના નિર્ણય મળેલ નથી અને ફકત અમો અરજદારને ધકકા ખવડાવે છે અમો અરજદારને નકલ મળશે ખરી છે શું? તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે તા.૧૫–૪–૧૦ થી અપીલ તબકકે ટેનામેન્ટ સબંધી જે માહિતી આપેલ છે તે અસ્પષ્ટ વંચાય તેવી છે પરંતુ અરજદારે રજૂ કરેલ નકલ પૈકી કઈ નકલની વાત કરેલ છે તે બાબતે અરજદાર ખુદ સ્પષ્ટ નથી. અરજદારે અપીલમાં કરેલ રજૂઆત બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બંને ટેનામેન્ટ બાબતે કરેલી કાર્યવાહીની વિગતો ખુદ અરજદારે રજૂ કરેલ છે. જેમાં અરજદારે ટેના નં.૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ ની સને ૧૯૯૧–૯૨ ની એસેસમેન્ટની નકલ તથા ૨૦૦૫–૦૬ નું વેરાબીલ જેમાં શ્રી રણછોડજી માધવલાલ ટ્રસ્ટ ઓફ હાટકેશ્વર મહાદેવ પટેલ પુજારી ઝવેર ભારતીની નકલ રજૂ કરેલ છે. જેમાં આકારણી ફેરફાર બાબતે ધનસુખભાઈ ભગવાનભાઈ પટેલને તા.૨–૯–૯૫ ના રોજ આપવામાં આવેલ રીકવીઝેશન ફોર્મની નકલમાં વધારાના બાંધકામમાં આરસીસી કરેલ છે તેનો ઉપયોગ ધાર્મિક કાર્ય માટે કરવામાં આવે તથા મંદિર ગામતળ ૧ પૈકી ની મિલ્કતના બે બીલ આવે છે તેને બદલે એક જ બીલમાં મિલ્કત કરવી તથા ભાડુતોના નામ કમી કરવા તથા તેવી માહિતી ટ્રસ્ટીશ્રી અમૃતલાલ એન. પટેલ એ જણાવેલ છે તથા નીચે માલીક ભગવાનભાઈ છીતુભાઈ પટેલે સહી કરેલ ટેના નં.૧૭એ–૦૧–૦૦૦૧–૦–૦૦૧ રજૂ કરેલ છે તથા ટેના નં.૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ સહીની રીકવીઝેશન સ્લીપ રજૂ કરવામાં આવેલ છે. જે અંગેના તુમારના ટેના નં..૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ અસલ પત્રક–અ તથા તથા ૧૭એ– ૦૧–૦૦૦૧–૦–૦૦૧ સુધારેલ પત્રક–બ રજૂ કરેલ છે જેમાં અસલ પત્રક–અ માં ટેના નં..૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ ૧–૪–૯૪ થી કમી કરી જે સુધારેલ પત્રક–બ માં ટેના નં.૧૭એ–૦૧–૦૦૦૧–૦–૦૦૧ તા.૧–૪–૯૪ થી દાખલ કરેલ છે જેમાં અગાઉના ટેના નં.૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ આકારણી યથાવત રાખી વધારાનું બાંધકામ દાખલ કરવામાં આવેલ છે જે આકારણી ફેરફાર વધારાના બાંધકામથી થયેલ છે જેના સક્ષમ અધિકારીની મંજુરીના રીપોર્ટની તા.૨૬–૪–૯૬ ની નકલ પણ પૂરી પાડેલ છે જે અંગે આકારણી થયા અંગેની ખાસ નોટીસ તા.૯–૫–૯૬ ના રોજ બજાવવામાં આવેલ છે. જેના ઈફેકટ અંગે ટેના નં.૧૭એ–૦૧–૦૦૧૧–૦–૦૦૧ કમી બીલની ૨૦૦૫–૦૬ ની નકલ પૂરી પાડેલ છે. જે અંગે તુમારની માહિતી એફડીટી નં.૫૩ ની માહિતી અંગે રૂા.૨/– પ્રતિ નકલ ભર્યેથી ઉપલબ્ધ થઈ શકશે તેવી માહિતી આપેલ છે જેમાં અરજદારે આકારણી એપેલેટમાં અપીલ અરજી કરેલ છે જે અંગેના કોલ લેટરની નકલ અત્રે રજૂ કરેલ છે જેમાં તા.૧૯–૨–૧૦ ના રોજ ૧૨.૦૦ કલાકે સુનાવણી રાખેલ છે. જે અંગે અરજદારને તા.૨–૪–૧૦ ના રોજ એપેલેટ ચુકાદાની નકલ રજૂ કરેલ છે જેમાં મજકુર ફરીયાદ અરજી આકારણી અંગેની જાહેર/ખાસ નોટીસ અંગે જણાવેલ મુદતની બહારની હોય દફતરે કરવામાં આવે છે. આમ અરજદારને સને ૧૯૯૨ થી ૨–૪–૧૦ સુધીની તુમારને લગતી વિગતો પૂરી પાડવામાં આવેલ છે તેમ છતાં અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી અગાઉ પૂરી પાડવામાં આવેલ છે જે અરજદારે કોઈ માહિતી નહીં પૂરી પાડવા અંગે અપીલમાં દાદ માંગેલ છે. તેમજ અરજદારે તા.૧૫–૨–૧૦ ની અરજી સંદર્ભે પણ માંગેલ માહિતીના આધારે મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી પૂરી પાડવાની થાય આરટીઆઈ કાયદાની કલમ–૬(૧) હેઠળ પ્રત્યેક અરજી સ્વતંત્ર હોય સ્વતંત્ર માહિતી પૂરી પાડવાની રહે. જાહેર માહિતી અધિકારીનો અગાઉ માહિતી આપેલ છે તે પ્રત્યુત્તર કાયદાની જોગવાઈ તથા ભાવના સાથે સુસંગત નથી. મુદ્દા નં.૧ અંગે અરજદારને કોઈ વિવાદ ઉલ્લેખ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી પૈકી મુદ્દા નં. ૨ થી ૪ ની જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. અરજદારે અપીલના કારણમાં દર્શાવેલ ફરીયાદને લગતી વિગતો સક્ષમ સત્તાને અલાયદી રજૂ કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ઈ.ચા. ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધર્મેશ ભારતી, અશોક ભારતી ગોસ્વામી